सत्यमेव जयते

રજૂ તારીખ	– ૨૬/૦૪/૨૦૨૧
દાખલ તારીખ	– ૨૬/૦૪/૨૦૨૧
ફેસલ તારીખ	– ૧૬/૧૦/૨૦૨૪
સમયગાળો	વર્ષ માસ દિવસ

લોધિકાનાં મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

આંકઃ –

અજંતા ઈન્ડસ્ટ્રીઝ ના ઓથોરાઈઝ્ડ પર્સન તરીકે
શ્રી કમલેશભાઈ ઉકાલાલ હાડવાની
ધર્મેઃ–હિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર
રહે.કિશન ગેટ, સહયોગ કોમ્પ્લેક્ષની બાજુમાં,
પ્લોટ નં. જી–૪૧૩, જી.આઈ.ડી.સી. મેટોડા,
તા.લોધિકા, જી.રાજકોટ. .....ફરીયાદી

<u>વિરુદ્ધ</u>

મહંત કોર્પોરેશનનાં પ્રોપરાઈટર તરીકે
ગૌરાંગ કાચા
ધર્મેઃહિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર,
રહે.૧૮, સાવરકુંડલા મશીનરી, પહેલો માળ,
સ્ટેશન રોડ, ગુરૂદ્વારાની બાજુમાં,
રાજપુર, છત્તીસગઢ–૪૯૨ ૦૦૧. .....આરોપી

વિષયઃ– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબની ફોજદારી ફરીયાદ...

ફરીયાદપક્ષે વિ.વ. શ્રી– ડી.એ.સિનોજીયા
આરોપી તરફે વિ. વ. શ્રી– એફ.એન.ડોડીયા

//ચુકાદો//

(૧)ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,અજંતા ઈન્ડસ્ટ્રીઝ પાર્ટનરશીપ ફર્મ છે અને તે સબમર્શીબલ પમ્પનું મેન્યુફેક્ચરીંગ અને વેચાણ ઉપરોક્ત જણાવેલ સરનામે કરે છે. આ કામનાં ફરિયાદી સદરહું ઈન્ડ્સ્ટ્રીઝનાં ભાગીદાર છે. આ કામનાં તહોમતદાર મહંત કોર્પોરેશનના નામથી ઉપરોક્ત જણાવેલ સરનામે વેપાર અને વ્યવસાય કરે છે. આ કામનાં તહોમતદારે ફરિયાદી સાથે વેપાર કરવા માટે સંપર્ક કરેલ અને જુદા જુદા પ્રકારની વસ્તુઓની ખરીદી કરેલ. તહોમતદાર ઘણા સમયથી ફરિયાદી પેઢી પાસેથી માલ ખરીદે છે અને ફરિયાદી પેઢીને પેમેન્ટ ચુકવે છે. જે હિસાબ મુજબ તહોમતદાર પાસેથી બાકી લેણી નિકળતી રકમ રૂપિયા ૫,૨૩,૨૦૩/-(અંકે રૂપિયા પાંચ લાખ બત્રીસ હજાર બસો ત્રણ પુરા) છે. આ કામનાં તહોમતદારે ખરીદેલ માલના હિસાબની બાકી કાયદેસર રીતે ઉપરોક્ત મુજબની લેણી રકમ ચુકવવા માટે જવાબદાર છે. આ કામનાં ફરિયાદીએ સદરહું નાણા બાબતે અનેક વખત જણાવવા છતા આ કામનાં તહોમતદારે ફરિયાદીની બાકી લેણી નિકળતી રકમ ચુકવેલ નથી. આ કામનાં ફરિયાદીએ ઉપરોક્ત મુજબની માંગતા આ કામનાં તહોમતદારે રૂપિયા ૫,૨૩,૨૦૩/-(અંકે રૂપિયા પાંચ લાખ ત્રેવીસ હજાર બસો ત્રણ રૂપિયા પુરા/-) નો તા.૦૧/૦૩/૨૦૨૧ નો ચેક નંબર ૨૦૧૭૯૧ નો યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા રાઈપુર સ્ટેશન રોડ રાઈપુરનો મહંત કોર્પોરેશનનાં પ્રોપરાઈટર તરીકે તહોમતદારે સહી કરીને આપેલ. આ ચેક આપતા સમયે તહોમતદારે પાકુ વચન અને વિશ્વાસ આપેલ કે સદરહું ચેક બેંકમાં વટાવવા નાખસો તો વટાવાઈ જશે જેથી આ કામનાં ફરિયાદીએ સદરહું ચેક સ્વીકારેલ. ત્યારબાદ આ કામનાં ફરિયાદીએ સદરહું ચેક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા મેટોડા બ્રાંચ મેટોડામાં નાખતા સદરહું ચેક **ફંડ્સ ઈન્સફીસીયન્ટ** ના શેરા સાથે તા.૦૨/૦૩/૨૦૨૧ ના રોજ રિર્ટન થયેલ. જેથી આ કામનાં તહોમતદારનો સદરહું લેણી નિકળતી રકમ નહી ચુકવવાનો ઈરાદો હોવાનું ફરિયાદીને માલુમ પડેલ. ત્યારબાદ આ કામનાં ફરિયાદીએ એડવોકેટ મારફત તા.૦૮/૦૩/૨૦૨૧ ના રોજ ડિમાન્ડ નોટીસ રજી.એ.ડી.થ્રુ આપેલ જે આ કામનાં તહોમતદારને તા.૧૫/૦૩/૨૦૨૧ ના રોજ બજી ગયેલ છે. સદરહું લિગલ નોટીસ તહોમતદારને બજી ગયેલ હોવાછતા ફરિયાદીને બાકી લેણી નિકળતી રકમ તહોમતદારે

ચુકવેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી સદરહુ ફરીયાદ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે.

(૨)..ફરીયાદીએ ઉપરોક્ત પેરેગ્રાફમાં જણાવેલ ફરીયાદ તથા તેની સાથે રજુ રાખેલ સોગંધનામું તેમજ રજુ થયેલ દસ્તાવેજ ધ્યાને લીધા. આ કામે પ્રથમ દર્શનીય રીતે આરોપી સામે કાર્યવાહી આગળ ચલાવવા પુરતા કારણો જણાઈ આવે છે. આરોપી વિરુધ્ધ ધી નેગો.ઈન્સ્ટ્રુ. એક્ટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ નાં ગુન્હા સબબનું સંજ્ઞાન લેવામાં આવેલ અને સદરહું કેસ રજીસ્ટરે નોંધાવી અને સી.આર.પી.સી. ૧૯૭૩ ની કલમ ૨૦૪ મુજબ કલમ–૨૦૪(૨) થી (૪) મુજબ પુર્તતા થયેથી આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ એક્ટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ અન્વયેનાં ગુન્હા સબબનું સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩)..સદરહું ફરીયાદનું રેર્કડ તથા રોજકામ ધ્યાને લેતા આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતા અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફત હાજર થતા, આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે. વધુમાં, અત્રેની કોર્ટ દ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીની આંક–૧૦ થી જવાબ(પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુન્હો કબુલ ન રાખતા, સદરહુ ફરીયાદનું કામ, ફરીયાદપક્ષનાં પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૪)..આરોપી સામેનાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનાં ગુન્હાનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબનો વિગતવાર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

–:: મૌખિક પુરાવો ::–

આંક–૦૪ થી ફરીયાદીનું સરતપાસનું સોગંધનામું

–:: દસ્તાવેજી પુરાવો ::–

આંક–૧૭ થી ઓથોરિટી લેટર અસલ.

આંક–૧૮ થી ચેક નંબર ૨૦૧૭૯૧ અસલ

આંક–૧૯ થી ચેક રિર્ટન અસલ

આંક–૨૦ થી તહોમતદારને પાઠવેલ ડિમાન્ડ નોટીસ

આંક–૨૧ થી મની રિસીપ્ટ પોસ્ટલ ડિપાર્ટમેન્ટ

આંક–૨૨ થી ઓનલાઈન ટ્રેકિંગ રિપોર્ટ.

આંક–૨૩ થી એકાઉન્ટ સ્ટેટમેન્ટ તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૦૫/૦૩/૨૦૨૧ ની ટ્રુ કોપી નકલ.

આંક–૨૪ થી ઓરિજનલ સર્ટિફીકેટ (ઈલેકટ્રોનીક એવિડન્સ કલમ ૬૫બી) અસલ.

આ કામે ફરિયાદી તરફે આંક–૧૪ થી પુરાવો પુર્ણ થયા અંગેની કલોજીંગ પુરશીસ રજુ છે.

(૫)..સદરહું ફરીયાદનાં કામનું રેર્કડ તથા રોજકામ ધ્યાને લેતા ફરીયાદપક્ષ તરફે આંક–૧૩ થી આરોપીનો ઉલટતપાસનો હક્ક બંધ કરવા અરજી આપતા સદર કેસનું અગાઉનું રેર્કડ એન્ડ પ્રોસિડીંગ ધ્યાને લેતા આરોપીને પોતાનો બચાવ કરવા પર્યાપ્ત તકો આપેલાનું જણાતું હોચ પરંતુ તેઓ તરફથી કોઈ જ કાર્યવાહી ન થતી હોવાથી ફરિયાદપક્ષે આંક ૧૩ થી અરજી કરી આરોપીનો ઉ.ત. નો હક્ક બંધ કરવાની અરજી કરતા તથા નામદાર સુપ્રિમકોર્ટના ધી ઈન્ડી. બેંક એસો. નાં ચુકાદામાં ઠરાવ્યા મુજબ આ કામે પોતાની વિરુધ્ધમાં જ પુરાવો આપેલ છે તેનો ખુલાસો કરવા અગર વિરુધ્ધની હકીકત પુરવાર કરવા સારુ હાજર રહેલ નથી તથા ફરિયાદપક્ષે આંક ૧૩ થી આરોપીનો ઉ.ત. નો હક્ક બંધ કરવાની અરજી રજૂ થતા અત્રેની કોર્ટ દ્વારા આરોપીની ઉલટતપાસનો હક્ક ન્યાચનાં હિતમાં બંધ કરતો હુકમ કરેલ છે. ત્યારબાદ આંક–૧૪ થી ફરીયાદી તરફે પુરાવો પુરો થયા અંગેની કલોજીંગ પુરશીસ રજુ થયેલ છે. ત્યારબાદ સદરહું ફરિયાદનું રેર્કડ એન્ડ પ્રોસિડીંગ જોતા સદર કામ આરોપીનાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનાં વિશેષ નિવેદન ઉપર મુકવામાં આવેલ. જેમાં આ કામનાં આરોપીએ ફરિયાદીની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, ચેક સિક્યોરિટી પેટે આપેલ છે કોઈએ ચેકનો દુરપચોગ કરેલ છે અને ચેક મુજબની રકમનું કાયદેસરનું લેણું નથી તેવું જણાવેલ છે.

(૬)..સદરહું ફરીયાદનાં કામમાં ફરીયાદીનાં વિ.વ.શ્રીએ પોતાની મૌખિક દલીલોમાં આંક–૦૧ લગતની ફરીયાદ તેમજ પુરાવાનાં કામે રજુ રાખેલ દસ્તાવેજો તેમજ પુરાવાનાં કામે રજુ રાખેલ સોગંધનામા મુજબની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે અને વધુમાં

જણાવેલ છે કે, હાલનાં કામે આરોપી કે તેમના વિ.વ.શ્રીને પ્રર્યાપ્ત તકો આપવા છતા કોર્ટ કાર્યવાહીમાં સહકાર આપવા હાજર રહેલા નથી. આરોપીપક્ષને પર્યાપ્ત તકો આપવા છતા કોર્ટ સમક્ષ ઈન્સાફી કાર્યવાહીમાં હાજર રહેલ ન હોય, આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ ચેક સિક્યોરિટી પેટે આપેલ છે કોઈએ ચેકનો દુરપયોગ કરેલ છે અને ચેક મુજબની રકમનું કાયદેસરનું લેણું નથી તેવું જણાવેલ છે પરંતુ તે સંદર્ભે કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં, આરોપીપક્ષ દ્વારા પોતાનો બચાવ કરવા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. જો ખરેખર આરોપીએ વાદગ્રસ્ત ચેક લેણા પેટે આપેલ ન હોય તો આરોપી જાતે હાજર રહીને પોતાનો બચાવ જાતે અથવા વિ.વ.શ્રી મારફત કરે. પરંતુ હાલનાં કામે આરોપીને વારંવાર તક આપવા છતા આરોપી હાજર રહેલ નથી અને નામદાર કોર્ટનાં સમયને વેડફેલ છે. ફરીયાદીનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સામે આરોપીપક્ષ દ્વારા કોઈ ખંડનાત્મક પુરાવો રજુ રાખેલ ન હોય જેથી આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે પુરવાર કરેલ હોવાનું માનવાને કારણ રહે છે. જેથી આરોપીને કાયદામાં નિયત કરેલ મહત્તમ સજા કરવા તેમજ ચેક મુજબની રકમનો દંડ તેમજ ચેક મુજબની રકમ વળતર તરીકે અપાવવા અરજ કરેલ છે. આરોપીપક્ષે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર ન રહેતા કે કોઈ રજૂઆત કે રિપોર્ટ ન આપતા આરોપીપક્ષની દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ.

(૭)..ફરીયાદીની ફરીયાદ હકીકત, ફરીયાદનાં કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબની જોગવાઈ જોતા સદરહું ફરીયાદનાં ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૮).. **–:: મુદ્દાઓ ::–**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાનાં કાયદેસરનાં દેવાની ચુકવણીપેટે ફરીયાદીને લખી આપેલ જે નિયત સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતા વગર સ્વિકારાયે પરત ફરેલ, જેને નિયત સમયમાં પોસ્ટ મારફત કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતા આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને ન ચુકવી ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે. ?

૨. શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓનાં મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

//કારણો//

(૧૦).. સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. જેના તત્વો નીચે મુજબ છે.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ નાં આવશ્યક તત્વોઃ–

૧. આરોપીએ તેમના દ્રારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણા ચુકવવા ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃ દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખ્યો તે તારીખથી છ(૬) માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પિરીયડ બંનેમાંથી જે વહેલા તે સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

૪. તે ચેક આરોપીનાં ખાતામાં અપુરતા ભંડોળનાં કારણે પરત ફરેલ છે.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાની માંગણી લેખિતમાં કરેલ હતી.

૬. તેઓને નોટીસ મળી ગયેલ હોવાછતા ચેકનાં નાણા સમય મર્યાદામાં ચુકવી આપેલ નથી.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટનાં કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાનાં રહેશે. જેના પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તોઃ–

કલમ–૧૧૮ વટાઉખત વિશે માની લેવાની બાબત......

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત એવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યુ હતુ અને આવું દરેક ખત જ્યારે તે સ્વિકારવામાં આવ્યુ હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વિકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યું હતુ.

(ખ) તારીખ વિશેઃ–

જેના ઉપર તારિખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યુ હતું.

(ગ) સ્વિકારવાનાં સમય વિશેઃ–

સ્વિકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી તે પાક્યાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વિકારવામાં આવ્યું હતું.

(ઘ) તબદીલનાં સમય વિશેઃ–

કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ચ) શેરાઓનાં ક્રમ વિશેઃ–

કોઈ વટાઉખત ઉપર કરેલ હોવાનું જણાતા શેરો તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતાં.

(છ) સ્ટેમ્પ વિશેઃ–

ખોવાઈ ગયેલી પ્રોમિસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશેઃ–

કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જ્યારે તે ખત તેના કાયદેસરનાં માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યક્તિ પાસેથી કોઈ ગુન્હો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુન્હો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યો હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેનાં ઉપર છે.

કલમ–૧૩૯ ચેકનાં ધારણકર્તાની તરફેણમાં અનુમાનઃ–

વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાનાં અથવા અન્ય જવાબદારીનાં પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુક્ત થવાનાં બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

(૧૧)સદરહું કેસમાં આંક–૦૪ થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે ફરીયાદીનું સરતપાસનું મૌખિક પુરાવા સ્વરૂપમાં સોગંધનામું રજુ થયેલ છે. જે ધ્યાને લેતા તથા આંક–૧૮ થી રજુ ફરીયાદવાળો ચેક તથા આંક–૧૯ થી રજુ રીર્ટન મેમો ધ્યાને લેતા આંક–૧૮ વાળો ચેક "**FUNDS INSUF–FICIENT**" નાં શેરા સાથે પરત આવેલ છે. ફરીયાદવાળો આંક–૧૯ વાળો ચેક રીર્ટન આવ્યા બાબતનો "**FUNDS INSUFFICIENT**" નો શેરો ધ્યાને લેતા ફરીયાદવાળો આંક–૧૮ વાળા ચેકમાં આરોપીએ સહી કરેલ છે. તેવુ માનવાને કારણ રહે છે. આ ઉપરાત આંક–૧૮ વાળા ચેકમાં આરોપીની સહી નથી તેવી હકીકત રેર્કડ ઉપર લાવવા માટે આરોપી તરફે કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવેલ નથી. આમ, સદરહું ફરીયાદવાળો ચેક આરોપીનાં ખાતાનો હોવાનું રેર્કડ પર ફલીત થાય છે. આમ, સદરહું ફરીયાદનાં કામમાં ફરીયાદીનું આંક–૦૪ થી રજુ સરતપાસનું સોગંધનામું ધ્યાને લેતા અને પુરાવાની મુલવણી કરતા અને ફરીયાદનાં કામે રજુ થયેલ પુરાવાની ઉપરોક્ત મુલવણી મુજબ ફરીયાદપક્ષ ફરીયાદવાળો આંક–૧૮ વાળા ચેક બાબતે એકઝીક્યુશન એટલે કે, દસ્તાવેજ કરી આપેલ છે તે હકીકત પોતાની પ્રાથમિક જવાબદારી પુર્ણ કરી શકેલ હોઈ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર આવેલ છે.

(૧૨)..સદરહું ફરીયાદનાં કામમાં ઉપરોક્ત પેરેગ્રાફમાં જણાવેલ હકીકત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની તરફેણમાં આવેલ હોવાથી હાલની ફરીયાદનાં કામમાં બંને પક્ષકારો દ્બારા રજુ થયેલ પુરાવાની મુલવણી કરીને એ નક્કી કરવાનું રહેશે કે, શું

આરોપીપક્ષ તેઓનાં ઉપરોક્ત પેરેગ્રાફમાં જણાવેલ બચાવ આધાર ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ નાં અનુમાનોનું ખંડન થઈ શકે તેટલો ચુસ્ત વિશ્વાસઘાત, ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેર્કડ પર લાવી શકેલ છે કે નહી ?

In the matter between M/s prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat re-ported in 2004(1) GLH page No.365, Hon'ble Gujarat High Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who is-sues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare read-ing of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consid-eration that the negotiable instrument concerned was made or drawn for consideration.

In the matter between Mangubhai Mansukhram pandya V/s Pranjivan Tribovandas purohit, reported in 1991(2) GLH page no.65 Hon'ble Gujarat High Court has held that, Section-118 of the N.I.Act raises a statutory presumption that,

– There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebutted.

– Onus of proof that there was no consideration is on the de-fendant.

– Initial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise the statutory presumption.

(૧૩)..**નામદાર સુપ્રિમકોર્ટે ભારત બેલ એન્ડ મેન્યુફેકચરીંગ કંપની અમીનચંદ પ્યારેલાલ, ૧૯૯૯(૩) એ.સી.સી.૩૫** નાં ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, "The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its nonexistence was so probable that a prudent man would,under the circumstances of the case, act upon the plea it did not exist." આ ઉપરાંત **નામદાર સુપ્રિમકોર્ટે કે.એન.બીના વિરુધ્ધ મુનીયપ્પન, ૨૦૦૧ એ.આઈ.આર.સુપ્રિમ કોર્ટ ૨૮૯૫ તથા હિતેન પી.દલાલ વિરુધ્ધ બ્રટીન્દ્રનાથ, ૨૦૦૧(૬) એસ.સી.સી.૧૬** નાં ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Ac– cused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of con– viction on basis of some formal evidence led by accused is not proper. આ ઉપરાંત **નામદાર સુપ્રિમકોર્ટનાં ક્રિષ્ના જનાર્દન ભટ્ટ વિરુધ્ધ દત્તાત્રેય જી.હેંગડે (૨૦૦૮ ક્રિમીનલ લો જનરલ ૧૧૭૨) કે. પ્રકાશન વિરુધ્ધ પી.કે.સુરેન્દ્રન (૨૦૦૮(૧) એસ.સી.સી.(ક્રાઈમ્સ)૨૦૦) તથા રંગપ્પા વિરુધ્ધ મોહન (એ.આઈ.આર.૨૦૧૦ સુપ્રિમ કોર્ટ ૧૮૯૮)** નાં ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે

પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલું ગણી શકાય અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ નાં અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સાક્ષીનાં પાંજરામાં આવવું જરૂરી નથી.

(૧૪)..હાલનાં કામે ફરીયાદપક્ષની દલીલો તથા ધી નેગોશીયેબલ ઈસ્ટ્રુ. એક્ટની જોગવાઈઓ તથા ઉપર જણાવેલ પેરેગ્રાફમાં જણાવેલ નામદાર વડી અદાલતનાં ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈને, સદરહું ફરીયાદનાં કામે રજુ થયેલ પુરાવાની મુલવણી મુદ્દા નં. ૧ નાં ન્યાયીક નિર્ણય માટે કરતા નીચે મુજબની હકીકતો ફલીત થાય છે.

(૧૫)..આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ ઉપર મુજબનાં તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે, ચેક આરોપીનો છે અને લેણા પેટે આપેલ હોય, પરંતુ તેનું ખંડન આરોપીએ કરવુ પડે અને જ્યારે તેવું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે, ફરીયાદીનાં કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફે ખસે કાયદાકીય દ્રષ્ટિથી હાથ ઉપરનાં કેસનું વિશ્લેષણ કરીએ તો, આ કામે ફરીયાદીની ફરીયાદ અને સરતપાસ ધ્યાને લઈએ તો, આ કામનાં ફરીયાદી અને આરોપી વચ્ચે ધંધાકીય સંબંધ હોય, આરોપીએ ફરીયાદી પાસેથી માલ ખરીદેલ જે પૈકીનાં રૂપિયા ૫,૨૩,૨૦૩/– બાકી નિકળે છે. જે કાયદેસરનાં બાકી લેણી રકમ પેટે આરોપીએ તકરારી ચેક આપેલ છે જે બેંકમાં રજુ થતા પાછો ફરેલ છે જેની નોટીસની આરોપીને જાણ હોવાછતા ચેકની લેણી રકમ ચુકવી ન આપતા હાલની ફરીયાદ કરેલ છે.

(૧૬).. સદરહું ફરીયાદનાં કામે ફરિયાદી તરફે ફરીયાદીનું આંક–૦૪ થી સરતપાસનું સોગંધનામું રજુ થયેલ છે. પરંતુ હાલનાં કામે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર ન રહેતા અને ફરીયાદપક્ષ તરફે આંક–૧૩ થી આરોપીની ઉલટતપાસનો હક્ક બંધ કરતી અરજી આપતા અત્રેની કોર્ટ દ્રારા આરોપીપક્ષને પર્યાપ્ત તકો આપ્યા બાદ ઉલટતપાસનો હક્ક બંધ કરતો હુકમ કરવામાં આવેલ છે તેમજ આરોપીપક્ષને પર્યાપ્ત

તકો આપ્યા બાદ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ હતુ તેમા તેઓએ ફરિયાદ હકીકતનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, ચેક સિક્યોરીટી પેટે આપેલ છે કોઈએ ચેકનો દુરપયોગ કરેલ છે અને ચેક મુજબની રકમનું કાયદેસરનું લેણું નથી તેવું જણાવેલ છે પરંતુ તે સદંર્ભે કોઈ લેખિત કે મૌખિક દસ્તાવેજી પુરાવો સદરહું કામમાં તહોમતદારે આજદિન સુધી રજુ રાખેલ નથી.

આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપી પક્ષે કલમ– ૧૩૯ ની કાયદાના અનુમાનનું ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ? તે સંદર્ભે સૌપ્ર થમ જોવામાં આવે તો, આંક– ૧૮ વાળા ચેકમાં આરોપીની સહી હોવા બાબતે કોઈ તકરાર લીધેલ નથી તે સંજોગોમાં નામ.સુપ્રિમ કોર્ટના AIR 2010 S.C. 1989, (Rangappa V/s. Sri Mohan) Criminal Appeal No. 1020 of 2010 ના ચુકાદામુજબ ચેકના યથાનુંક્રમના ધારક–હોલ્ડર ઈન ડયુ કોષની તરફેણમાં અદાલતે અનુમાન કરવાનું હોય છે. જેથી પ્રાથમીક તબકકે ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાંની જવાબદારી સ્વીકારી ઈસ્યુ કરેલા હોવાનું અનુમાન કરેલ છે અને તે વિગતે પુરાવાનું અર્થઘટન કરેલ છે કે શું આરોપી પુરવાર કરે છે કે, ફરીયાદીનું આરોપી પાસે કાયદેસરનું લેણું ન હોવા છતા આરોપીના ચેકનો દુરપયોગ કરી હાલની ખોટી ફરીયાદ આરોપી સામે દાખલ કરેલ છે.

(૧૪) કાયદેસરનું લેણું:–

ફરીયાદપક્ષ તર્ફે ઉપરોકત રજુ થયેલ ફરીયાદીનું સોગંદનામું તેમજ દસ્તાવેજી પુરાવા ચેક, ચેક રિટર્ન મેમો, નોટિસની સ્થળપ્રત, નોટિસ બજી ગયા બાદ આરોપી ખુદ કોર્ટમાં હાજર રહેલ છે અને પ્લી લેવામા આવેલ છે ત્યારબાદ સદરહુ કામે ફરીયાદીના ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે જે તમામ હકીકત આરોપીના ધ્યાન ઉપર છે તેમ છતાં આરોપીએ કોઈ બચાવ લીધેલ નથી. તેમજ વાદગ્રસ્ત ચેક વાળુ ખાતુ પણ આરોપી

પોતે નીભાવતા ન હોવા અંગેનો પણ બચાવ આરોપીએ લીધેલ નથી તેમજ આરોપીએ કોર્ટમા હાજર રહી કોઈ બચાવ લીધેલ નથી તેમજ વાદગ્રસ્ત ચેક તેઓએ આપેલ ન હોવાનો કોઈ બચાવ અત્રેની કોર્ટમાં હાજર રહી લીધેલ નથી કે આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ મૌખીક પુરાવો રજુ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવા આધાર હાલના કામે રજુ રાખેલ નથી તેમજ આરોપીએ ખુદે કોર્ટમાં હાજર રહી તેમની સામેના ગુનાનો ઈન્કાર કર્યા બાદ તેમના બચાવમાં આરોપીએ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી ફરીયાદીના પુરાવાનુ ખંડન કરેલ નથી. વધુમાં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ આરોપીનુ ન હોવાનુ કે ચેકમાં પોતાની સહી ન હોવા અંગેનો કોઈ બચાવ આરોપી દવારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજુ કરવા જાતે વિટનેસ બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી તેમનો બચાવ પુરવાર કરેલ નથી. આમ, ફરીયાદી તરફે તેમના જે દસ્તાવેજો રજુ કરેલ છે તેનુ ખંડન કરવા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં સેકશન–૨૦ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે કોઈ ચેક કોઈ વ્યકિત સહી કરીને આપતા હોય તો તે કાયદેસરના લેણા પેટે આપેલ હોય તેવુ અનુમાન કોર્ટે કરવાનુ રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યકિત ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહુ બાબતનો ખંડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી ત્યારે હાલની ફરીયાદમાં પુરાવામાં રજુ રહેલ ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે આપેલ હોવાનુ જણાય આવે છે. જેથી આરોપી સામે જે અનુમાન કલમ–૧૩૯ મુજબ ઉપસ્થિત થાય કે સદર ચેક લેણા પેટે આપવામાં આવેલ છે જે ખંડનાત્મક અનુમાન હોય છે તેનુ ખંડન મૌખીક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપી નિષ્ફળ નીવડેલ છે અને આરોપીએ ફરીયાદીના પુરાવાનું ખં ડન કરતો કે શંકા ઉપજાવે તેવો કોઈ સચોટ અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર રજુ

કરવામા નિષ્ફળ ગયેલ છે.ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૯ ના પ્રિઝમ્પ્શન મુજબ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૦(૧) ડી.સી.આર. ૭૦૬,રંગપ્પા વિરુધ્ધ શ્રી મોહન ના કેસમા ઠરાવેલ સિધ્ધાંત મુજબ જ્યાં સુધી આરોપી વિરુધ્ધનો પુરાવો ન આવે, અગર તો ફરીયાદીનો પુરાવો વિશ્વસનીય રીતે રિબર્ટ ન થાય ત્યાં સુધી ચેક કાયદેસરની જવાબદારીના દેવા પેટે આપેલ છે હાલના કામે આરોપીને સમન્સ બજતા પ્લી લેવાયા બાદ પણ આરોપી કોર્ટમાં તેમનો બચાવ કરવા હાજર રહેલ નથી તેમજ તેમના તર્ફે કોઈ અરજી આપેલ નથી તે જોતાં તેમજ કોર્ટનું રજુ થયેલ રેકર્ડ જોતા ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું ખંડન કરવામા આરોપી સંપૂર્ણપણે નિષ્ફળ જાય છે.

આ કામે ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ ઉપર મુજબનાં તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે, ચેક આરોપીનો છે અને લેણા પેટે આપેલ હોય પરંતુ તેનું ખંડન આરોપીએ કરવું પડે અને જ્યારે તેવું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરીયાદીનાં કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફ ખસે. હાલનાં કામે ફરીયાદીએ રેર્કડ ઉપર આંક–૦૪ થી સરતપાસનું સોગંધનામું રજુ રાખી ફરીયાદવાળી હકીકતને સમર્થન આપેલ છે તેમજ આંક–૧૮ થી વાદગ્રસ્ત ચેક રજુ રાખેલ છે અને જે પરત આવ્યા બાબતનો રીર્ટન મેમો આંક–૧૯ થી રજુ રાખેલ છે. સદરહું ચેક રીર્ટન થતા આંક–૨૦ વાળી નોટીસ આરોપીને સરનામે બજી ગયેલ છે જે કામમાં અનુક્રમે આંક–૨૨ થી ટ્રેકીંગ રિપોર્ટ રજુ છે. વધુમાં, વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ પણ આરોપી પોતે નિભાવતા ન હોવા અંગેનો પણ બચાવ આરોપીએ લીધેલ નથી. આરોપીએ હાજર રહી કોઈ બચાવ લીધેલ નથી. જેથી ફરિયાદીએ ધંધાકીય સંબંધનાં નાતે આરોપીને માલ આપેલ હતો અને જે પૈકી હિસાબનાં બાકી લેણા નિકળતા નાણા રૂપિયા ૫,૨૩,૨૦૩/– છે અને તે લેણી નિકળતી રકમની ભરપાઈ કરવા પેટે હાલનો વાદગ્રસ્ત ચેક આરોપીએ ફરિયાદીને આપેલ હોય તે સ્વાભાવિક માની શકાય તેવી હકીકત છે જેથી હાલના કામનો વાદગ્રસ્ત ચેક તે આરોપીએ લેણી નિકળતી

રકમ ભરપાઈ કરવા સદરહું ચેક આપેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે પુરવાર થાય છે. પરંતુ આરોપીએ પોતે માલ લીધેલ ન હોવાની કે વાદગ્રસ્ત ચેક તેઓએ આપેલ ન હોવાનો કોઈ બચાવ અત્રેની કોર્ટમાં હાજર રહી લીધેલ નથી કે, આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી મૌખિક પુરાવો રજુ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી આધાર હાલનાં કામે રજુ રાખેલ નથી. વધુમાં જો ખરેખર આરોપીએ ફરિયાદી પાસેથી માલ લીધેલ ન હોય તો જ્યારે હાલનાં કામેની આંક–૨૦ વાળી નોટીસ આરોપીને બજેલ ત્યારે આરોપીએ તે નોટીસનો જવાબ આપી નાણા પરત આપ્યાનો બચાવ લીધેલ હોય કે તે અંગે નોટીસનો જવાબ આપી શકે પરંતુ આરોપી દ્વારા તેઓને નોટીસ બજવા છતા નોટીસનો કોઈ જવાબ આપી પોતાનો બચાવ રજુ કરેલ નથી. આમ, આરોપીએ ચેકવાળુ ખાતુ આરોપીનું ન હોવાનો કે ચેકમાં પોતાની સહી ન હોવા અંગેનો કોઈ બચાવ આરોપી દ્વારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજુ કરવા જાતે બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી પુરવાર કરેલ નથી. વધુમાં, સેક્શન–૨૦ નેગો.ઈન્સ્ટ્રુ.એક્ટ મુજબ જ્યારે કોઈ ચેક કોઈ વ્યક્તિ સહી કરીને આપતા હોય તો તે કાયદેસરનાં લેણા પેટે આપેલ હોય તેવું અનુમાન કોર્ટે કરવાનું રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યક્તિ ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહું બાબતનો ખંડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી. ત્યારે હાલની ફરિયાદમાં પુરાવામાં રજુ રહેલ ચેક આરોપીએ ફરિયાદીને કાયદેસરનાં લેણાં પેટે આપેલ હોવાનું જણાય આવે છે. જેથી આરોપી સામે જે અનુમાન કલમ–૧૩૯ મુજબ ઉપસ્થિત થાય કે સદર ચેક લેણા પેટે આપવામાં આવેલ છે જે ખંડનાત્મક અનુમાન હોય છે તેનું ખંડન મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપી નિષ્ફળ નિવડેલ છે. આમ, ઉપરોક્ત તમામ ચર્ચાને અંતે આરોપીને ધી.નેગો.ઈન્સ્ટ્રુ.એક્ટની કલમ ૧૩૮ નાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી મુદ્દા નં. ૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૧૭)આ કામે રેર્કડ જોતા હાલનો કેસ ૨૦૨૧ માં દાખલ થયેલ છે. ત્યારબાદ આ કામમાં પક્ષકારોનો પુરાવો રજુ કરવા માટે પુરતી તકો અપાયેલ છે. આ કામમાં આરોપી હાજર ન રહેતા કેસની કાર્યવાહી આગળ ચલાવવા આરોપીનાં પુરાવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આમ, સદરહું કામ કેસની ન્યાયીક કાર્યવાહી માટે

આગળ ચલાવેલ છે. આ સંજોગોમાં નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **૨૦૧૭(૩) ૧૪૬ શરદ જેઠાલાલ સાવલા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** નાં ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ આરોપીની ગેરહાજરીમાં પણ જજમેન્ટ આપી શકાય. હાથ પરનાં કેસમાં આરોપી હાજર રહેતા નથી જેથી આરોપીની ગેરહાજરીમાં જજમેન્ટ જાહેર કરેલ છે.

(૧૮) ઉપરોક્ત જણાવેલ કારણોસર આરોપીને નેગો.ઈસ્ટ્રુ.એક્ટની કલમ–૧૩૮ મુજબનાં ગુન્હાનાં કામે તકસીરવાન ઠરાવેલ છે ત્યારે સદર કાયદાની જોગવાઈ જોઈએ તો, ધી નેગો.ઈસ્ટ્રુ.એક્ટની કલમ–૧૩૮ મુજબનાં ગુન્હા અંગે આરોપીને બે વર્ષ સુધીની સાદી કેદ અથવા ચેકની રકમની બમણી રકમ સુધીનો દંડ અથવા બંને, તે મુજબની શિક્ષાત્મક જોગવાઈ કરવામાં આવેલ છે. ધી નેગો.ઈસ્ટ્રુ.એક્ટ અંગેનાં કાયદાનો મુળભુત હેતું દેશમાં આર્થિક વ્યવહારોમાં વિશ્વસનીયતા જળવાઈ રહે અને આર્થિક વ્યવહારો સરળતાથી ચાલે, તે જોવાનો રહેલો છે. ચેક એ એક એવું મહત્વનું નેગો. ઈસ્ટ્રુ. છે કે જે પ્રવર્તમાન સમયમાં દેશનાં આર્થિક વ્યવહારોમાં મહત્વનું સ્થાન ધરાવે છે અને તે સંજોગોમાં ચેક વગર સ્વિકારાયે પરત ફરવા અંગેનાં ગુન્હાઓને હળવાશથી લઈ શકાય નહીં. ફરિયાદીએ સદરહું ગુન્હા અંગે આરોપીને સજા કરવા તેમજ વળતર અપાવવા માટે રજુઆત કરેલ છે. આરોપી વિરુધ્ધનો ગુન્હો આર્થિક વ્યવહારને લગતો છે. આર્થિક વ્યવહાર તે કોઈપણ દેશની અર્થવ્યવસ્થા માટે જીવનરેખા સમાન છે. આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, ૧૯૫૮ નો લાભ આપવાથી સમાજમાં આ પ્રકારનો ગુન્હો કરનારને ઉત્તેજના મળે અને તેની વિપરીત અસર દેશની અર્થવ્યવસ્થાને થાય માટે આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ ૧૯૫૮ નો લાભ ન આપતા કાયદામાં ઠરાવેલ પુરી સજા ન કરતા દાખલારૂપ સજા થાય અને ફરિયાદીને યોગ્ય વળતર મળે તે હેતુંથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

//હુકમ//

– આ કામનાં **મહંત કોર્પોરેશનનાં પ્રોપરાઈટર તરીકે ગૌરાંગ કાચા** ધર્મેઃહિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર, રહે.૧૮, સાવરકુંડલા મશીનરી, પહેલો માળ, સ્ટેશન રોડ, ગુરૂદ્રારાની બાજુમાં, રાજપુર, છત્તીસગઢ–૪૯૨ ૦૦૧નાને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ 255(૨) મુજબ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 ના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને હાલનું કામ આરોપીને સજાનાં મુદ્દે સાંભળવા

માટે મુલત્વી રાખવામાં આવે છે.

- હુકમ આજરોજ તા.૧૬મી,માહે–ઓક્ટોબર, સને.૨૦૨૪નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

મું.લોધિકા.

તા. ૧૬/૧૦/૨૦૨૪

(Rupesh Kiritkumar Jani)

Principal civil Judge & J.M.F.C.

Lodhika.

Code No.GJ01658

//સજા અંગે સાંભળ્યા બાદનો વિશેષ હુકમ//

આ કામનાં આરોપીને સજા અંગે સાંભળવાની તક આપવામાં આવેલ, પરંતુ આરોપીપક્ષે આરોપી કે તેમના વિદ્ધાન વકિલશ્રી દ્વારા કોઈ હાજર રહેલ નથી કે કોઈ રજુઆત કરેલ નહીં.

ફરિયાદપક્ષે વિ.વી.શ્રીએ મહત્તમ અને પૂરેપુરી સજા કરવી જોઈએ આ કેસમાં આરોપીને બચાવ કરવાની પુરેપુરી તક મળી ગઈ છે. આરોપીને ગુણદોષ પર તકસીરવાન ઠરાવવામાં આવેલા છે આરોપી પર રહેમ રાખી શકાય નહી અને અમે ચેક બાબતે પૈસા પુરા પાડવા વારંવાર આજીજી કરેલી હોય જેથી વળતર અપાવવા માટે પણ અરજ ગુજારી છે. હવે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ અંગેનાં ગુન્હા અંગે સજાની જોગવાઈ તથા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮નો ઉદ્રેશ તથા કેસનાં સંજોગોમાં હાલનો વ્યવહાર ફરિયાદી અને આરોપી વચ્ચે ઓળખાણનો સંબંધ છે તથા આરોપીને તે વ્યવહાર પેટે કોઈ રકમ ફરિયાદીને ચુકવી નથી, ફરિયાદીને સદરહું ચેક રિર્ટન થયા થી થયેલ નુકશાન ખર્ચની હકીકતો ધ્યાને લેતા જ્યારે કેસ ગુણદોષ પર ચાલી ગયેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય ગુન્હાને હળવાશથી લઈ શકાય તેમ નથી. આરોપીએ ફરિયાદીને નાણા ન ચુકવી નાણાકીય નુકશાન ફરિયાદીને કરેલાનું મારુ માનવુ છે અને જે નુકશાન ભરપાઈ કરવાની જવાબદારી આરોપીનાં શીરે રહે છે જેથી ફરિયાદી વળતર મેળવવા હક્કદાર પણ થાય છે અને હાલનાં સમયમાં આર્થિક વ્યવહારોમાં ચેક નું મહત્વ ઘણું વધી ગયેલ છે વેપાર વાણીજ્ય માં ચેક એક ધોરીનસ જેવું કામ કરે છે અને તેવા સંજોગોમાં ચેક નકારવામાં આવે તો અને વધુમાં ગુન્હામાં ગુણદોષ પર આરોપીને દોષીત ઠરાવ્યા બાદ ગુન્હાને હળવાશમાં લેવામાં આવે તો, આર્થિકક્ષેત્રે, વેપાર ક્ષેત્રે અંધાધુધી ફેલાય જેથી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયનાં હિતમાં સજા અને વળતર અંગે નીચે મુજબ હુકમ ફરમાવું છું.

//આખરી હુકમ//

- આ કામનાં આરોપી **મહંત કોર્પોરેશનનાં પ્રોપરાઈટર તરીકે ગૌરાંગ કાચા** ધર્મેઃહિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર, રહે.૧૮, સાવરકુંડલા મશીનરી, પહેલો માળ, સ્ટેશન રોડ, ગુરૂદ્વારાની બાજુમાં, રાજપુર, છત્તીસગઢ–૪૯૨ ૦૦૧ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૨)મુજબ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮નાં ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.આરોપીને **છ માસની સાદી કેદની સજા** તથા આરોપીએ ચેકની રકમના રૂપિયા ૫,૨૩,૨૦૩/–(અંકે રૂપિયા પાંચ લાખ બત્રીસ હજાર બસો ત્રણ પુરા) વળતર તરીકે ફરિયાદીને દિન–૬૦ માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.
- જો આરોપી દિન–૬૦ માં વળતરની રકમ ચુકવે નહી તો ૦૧ મહિનાની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.
- આરોપીને ફોજદારી કાર્યસંહિતાની કલમ ૩૬૩(૧) મુજબ આ ચુકાદાની એક નકલ વિનામુલ્યે તાત્કાલીક પુરી પાડવી.
- આ કામનાં આરોપીએ જો અગાઉ કોઈ બેલ બોન્ડ આપેલા હોય તો તે આથી રદ કરવામાં આવે છે.
- આરોપી આજરોજ ચુકાદાના દિવસે હાજર ન હોય તેમજ મુકિત અરજી રજુ ન હોય આરોપી વિરૂધ્ધ આ સજાના અમલ સંબંધેનું બીનજામીનલાયક વોરંટ પ્રોસેસ ફી ભર્યેથી ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપી અન્ય કોઈ ગુન્હાના કામે જેલની સજા ભોગવતા હોય તો તે સજા પુરી થયા બાદ હાલના હુકમ અન્વયેની સજાની અમલવારી કરવાની રહેશે.
- હુકમ આજરોજ તા.૧૬ મી,માહે–ઓક્ટોબર,સને.૨૦૨૪નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

મું.લોધિકા.

તા. ૧૬/૧૦/૨૦૨૪

(Rupesh Kiritkumar Jani)
Principal civil Judge & J.M.F.C.
Lodhika.
Code No.GJ01658